સુવિચાર : જેના સમાગમથી આરામ થાય તે કલા ને કલા ન કહેવાય, પરંતુ જેનાથી આત્મા પરમાનંદમાં લીન થાય તેને કલા કહેવાય - માનવસૂત્ર

તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૭૦ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૫૨ ૧૧ ઓગસ્ટ, ૨૦૧૫, મંગળવાર ; અષાઢ વદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- સ્વતંત્રતા દિવસે પ્રધાનમંત્રી નવી અનેક યોજના જાહેર કરશે
- નેપાળ ૪.૯ની તીવ્રતાના ભૂકંપ : લોકોમાં દહેશત
- બિહારમાં ભાજપે જીપીએસ સાથે સજ્જ રથ ઉતારી દીધા
- તિહાર જેલની સ્થિતિ ટાઇમ બોમ્બ જેવી જ બની ચુકી છે
- રાધે માં સામે સમન્સ : શુક્રવારે પુછપરછ કરવાનો તખ્તો તૈયાર
- રામલલ્લા મંદિરમાં રિપેર, અન્ય સુવિધાને મંજુરી મળી
- ૪૦ ભારતીય માછીમાર છોડવાનો શ્રીલંકન કોર્ટનો આદેશ
- વિમાનોનું અપહરણ કરવા બોંબરોને તોયબાનો આદેશ
- અંતે લાપતા પવનહંસનો કાટમાળ મળી આવ્યો છે
- ઉથલપાથલની વચ્ચે સેન્સેક્સ અંતે ઘટીને બંધ
- ડોલર સામે રૂપિયો અંતે ૬૩.૮૮ની સપાટી ઉપર

# પાટીદાર અનામત આંદોલન નવા પરિમાણો સર્જશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સહિત રાજ્યભરમાં પાટીદાર અનામત આંદોલન જોરશોરથી ગાજી રહ્યું છે. આજે પણ ગુજરાતમાં ઊંઝા, કડી, બાયડ, અમરેલી સહિત સાતેક સ્થળોએ રેલીઓ યોજાઈ હતી. ચોરેને ચૌટે એક જ સવાલ ચર્ચાય છે. આ આંદોલન ચલાવે છે કોણ ? આ આંદોલન ચાલશે કેટલુ ? અને પરિણામ શું આવશે ? આજ સુધીના આંદોલનોમાં મહાગુજરાત અને નવનિર્માણ સિવાયના આંદોલનો પરિણામ વિહોણા રહ્યા છે. એ વાત માનીએ તો પણ આંદોલનોથી રાજકીય પરિમાણો બદલાયા છે. આંદોલન કોઈક મોટા માથાઓના આશિર્વાદથી ચાલે છે. દોરી સંચારથી જ ચલાવાય છે. રાજકીય રીતે ચલાવાય છે કે નહી એ કહેવુ થોડુક ઉતાવળુ છે, પરંતુ ચોક્કસ હેતુ માટે અને ચોક્કસ ધ્યેય માટે ચાલે છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. પાટીદાર સમાજને કે ક્ષત્રિય સમાજને અનામતના આંદોલનથી અનામત મળી જશે એમ માનવા કોઈ જલ્દી તૈયાર થતુ નથી, પરંતુ પાટીદાર અનામતની માંગણીથી મૂળભૂત અનામતનો ઢાંચો બદલાય, એક



વૈચારિક આંદોલન સર્જાય એવો ગર્ભિત ધ્યેય ઘટનાઓમાં ડોકાય છે. સમગ્ર અનામત પ્રથા અંગે દેશમાં ચર્ચા ચાલી, બૌદ્ધિકો, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો ખુલીને મત પ્રગટ કરે અને અનામતના સંદર્ભે કંઈક નવા પરિણામો સર્જાય એવો હેતુ પાટીદાર સમાજના આંદોલનની ભૂમિકામાં સ્પષ્ટ રીતે અનુભવાય છે. ગુજરાતના જાહેરજીવનમાં છેલ્લા એક મહિનાથી પાટીદાર અનામતે રાજકીય ચર્ચાઓ જગાવી છે. આવનારા દિવસોમાં અનેક મંચ પર આ ચર્ચાઓ સ્થાન લેશે અને કોઈક નવો લોકમત ઉભો કરવાનો પ્રયાસ કરાશે. પરિણામ શું આવશે, કેવુ આવશે એ ખુબ જ ચિંતાજનક છે. આર્થિક ધોરણે અનામત હોવી જોઈએ એવો મત પ્રબળ બનતો જાય છે ત્યારે જ્ઞાતિ આધારીત અનામતના મુદ્દે સમાજ કેવો વહેંચાશે એની કલ્પના ચિંતા ઉપજાવી શકે છે. 'અ', 'બ', કે 'ક' જેના મનમાંથી ઉભો થયેલો તરંગ આજે રાજ્યની સડકો પર આંદોલન બનીને ઘુમરાય છે. કદાચ હેતુ સારો હશે, સાચો હશે એ બધુ જ સાચુ પરંતુ એક વખત આંદોલન

● અનુસંધાન પાન-૭ પર

## ઝારખંડના મંદિરમાં ભાગદોડ થતાં અગિયાર શ્રદ્ધાળુઓના કરૂણ મોત

રાંચી,તા. ૧૦

ઝારખંડમાં રાંચીથી ૩૫૦ કિલોમીટરના અંતરે સ્થિત દેવઘર જિલ્લામાં વિશ્વ પ્રસિદ્ધ બાબા બૈદ્યનાથ મંદિરમાં આજે સવારે ભાગદોડ મચી જતા ઓછામાં ઓછા ૧૧ શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને અનેક ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા આશરે ૫૦ જેટલી જણાવવામાં આવી છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર છે. મળેલી માહિતી મુજબ આજે સવારે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. આ તમામ લોકો મંદિરના પ્રવેશ દ્વારા ખુલે તેની રાહ જોઈ રહ્યા હતા. દેવઘરના શિવમંદિર ૧૨ જ્યોતિર્લીંગ પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. ભગવાન શિવના ભક્તો શ્રાવણ માસમાં ગંગાજળ અર્પિત કરવા માટે મોટી સંખ્યામાં લોકો અહીં આવે છે. સુલ્તાનગંજમાંથી કાવડીયા ગંગાજળ ઉઠાવે છે અને ત્યાંથી ચાલતા પહોંચીને વૈદ્યનાથ જ્યોતિર્લીંગ પર આવીને જળ અર્પણ કરે છે. સવારે ૪.૩૦ વાગે મંદિરના દ્વાર ખોલતાની સાથે જ તમામ લોકો એક સાથે દર્શન કરવા માટે આગળ વધ્યા હતા.

## કેરોસીનમાં રૂપિયા ૧૨ અને એલપીજીમાં ૧૮ની સબસીડી જાહેર

નવી દિલ્હી,તા.૧૦

સરકારે કેરોસીન ઉપર ચુકવાતી સબસીડી ઉપર મર્યાદા લિટરદીઠ ૧૨ રૂપિયા નક્કી કરી છે. જ્યારે એલપીજી ઉપર સબ્સિડી ૧૮ રૂપિયા પ્રતિ કિલો નક્કી કરવામાં આવી છે. ઓઈલ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને આજે આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, જાહેર વિતરણ વ્યવસ્થા મારફતે વેચવામાં આવતું કેરોસીન વાસ્તવિક ખર્ચ ૨૯.૯૧ના બદલે લિટર દીઠ ૧૪.૯૬ રૂપિયામાં વેચવામાં આવે છે. બન્ને વચ્ચે અંતર લિટર દીઠ ૧૪.૯૫ રૂપિયા છે. આને અંડર રિકવરી અથવા તો રેલવેનું નુકશાન તરીકે ગણવામાં આવે છે. સરકાર મોટાભાગના ખર્ચને પહોંચી વળવા ૧૨ રૂપિયા પુરા પાડશે. જ્યારે બાકીના ૨.૯૫ રૂપિયાનો ખર્ચ ઓએનજીસી અને ઓઈલ ઈન્ડિયા લીમિટેડ દ્વારા ઉપાડવામાં આવશે.

આવી જ રીતે અન્ડર રિકવરી અથવા તો દરેક ૧૪.૨ કિલોગ્રામના સબસીડીવાળા એલપીજી સિલીન્ડરના વેચાણ ઉપર ૧૬૭.૧૮ રૂપિયાનું નુકશાન છે. હાલમાં સબસીડીવાળા સિલીન્ડરની કિંમત ૪૧૭.૮૨ રૂપિયા છે. વર્તમાન રેટમાં અંડર રિકવરી મંજુર કરવામાં આવેલી સબ્સિડી મર્યાદાની અંદર છે. પ્રધાને કહ્યું હતું કે, પીડીએસ કેરોસીન અને સબ્સિડીવાળા એલપીજીના વેચાણ ઉપર થતાં અંડર રિકવરીને લઈને હંમેશા ચર્ચા રહે છે.

## ઉત્તરભારત સહિત પાડોશી દેશોમાં ભૂકંપના તીવ્ર આંચકા

નવી દિલ્હી,તા. ૧૦

ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તઝાકિસ્તાન આજે ભૂકંપના આંચકાના કારણે હચમચી ઉઠ્યા હતા. ૬ની તીવ્રતાના આંચકાના કારણે જાનમાલનું કોઈ નુકશાન થયું નથી, પરંતુ ઊંચી ઈમારતો હચમચી ઉઠી હતી અને લોકો દહેશતના કારણે ઘરની બહાર દોડી ગયા હતા. ભૂકંપનું કેન્દ્ર પાકિસ્તાનમાં હિંદુકુશ પહાડીઓમાં હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપના કારણે સૌથી વધારે અસર પાકિસ્તાનમાં થઈ હતી. જોકે, નુકશાન ટળી ગયું છે. ભારતમાં દિલ્હી સહિત સમગ્ર એનસીઆર, જમ્મુ-કાશ્મીર અને પંજાબમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી.

પાકિસ્તાનમાં અનેક ઈમારતો હચમચી ઉઠી હતી. પાકિસ્તાનના ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-તઝાકિસ્તાન સરહદ નજીક જમીનની ૨૦૦ મીટર નીચે સ્થિત હતું.



વરસાદી છાંટણા - શહેરમાં સમીસાંજે વરસાદી છાંટણા થયા હતા... વાદળો જોતા આશા બંધાઈ હતી કે મેઘરાજા મનમૂકીને વરસશે... પરંતુ માત્ર આચમનીથી જ મન મનાવવું પડ્યું..... (તસવીર : દિપક જાની)

# આજે જિલ્લાનું મહિલા નેતૃત્ત્વ સન્માનાશે

**ટીમ પંચાયત દ્વારા શક્તિ એવોર્ડથી જિલ્લાની મહિલાઓના પ્રદાન માટે સન્માનિત કરાશે : મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને મહિલા વિકાસ રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદીની ઉપસ્થિતિમાં સન્માન સમારોહ યોજાશે**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાની ૪૧થી વધુ મહિલાઓએ તેમના ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન માટે આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા શક્તિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત પરિવાર દ્વારા મહિલા શક્તિ સન્માન સમારોહની વિગતો આપતાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજ્યાણીએ જણાવ્યું હતું કે ૧૩૨ મહિલાઓ જે વિશિષ્ટ સેવાક્ષેત્રમાં સેવાઓ કરી રહી છે તેમનો સન્માનિત કરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા મહિલા શક્તિ એવોર્ડ-૨૦૧૫ એનાયત કરાવનો સમારંભ તા. ૧૧મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ સવારના ૯.૦૦ કલાકે જી.એમ.આર.એસ. ઓડિટોરીયમ હોલ, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાનાર છે. આ સમારંભમાં રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે ગાંધીનગર જિલ્લાની ૧૩૨ મહિલાઓને તેમની વિશિષ્ટ કામગીરી માટે સન્માનિત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર




(તસવીર : દિપક જાની)

# પંચાયતની વેરા વસુલી ૪૦ ટકા જ થઈ !

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં પંચાયતના વેરા વસુલી માત્ર ૪૦ ટકા જ થતાં તંત્ર સામે નબળી વસુલાતને લઈ આંગળીઓ ચીંધાવા લાગી છે.

જિલ્લામાં પંચાયત દ્વારા લોકલ ફંડ, શિક્ષણ ઉપકર અને મહેસુલી વેરાની વસુલી કરવામાં આવે છે. તાજેતરમાં સંપન્ન થયેલ મહેસુલી વર્ષને અંતે જિલ્લામાં વસુલાત માત્ર ૪૦ ટકા પર જ અટકતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે.

આ વર્ષે જિલ્લામાં વયનિવૃત્તિને લઈ વધુ કર્મચારીઓ નિવૃત્ત થતાં તેમજ ૯૦ ગામોમાં તલાટીની જગ્યા ખાલી હોવાથી વેરા વસુલાત પર તીવ્ર અસરો પડવા પામી છે. જિલ્લામાં વેરાવસુલી પર હવે વિશેષ ધ્યાન આપવા તંત્રએ ખાસ કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

### તલાટીની ખાલી જગ્યાઓની અસર આવક પર દેખાઈ મહેસુલી વર્ષની સમાપ્તીએ બહાર આવેલી હકીકત

ચાલુ વર્ષે ગત વર્ષની તુલનામાં એક-બે ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જો કે આ વર્ષે આવક ઘટી છે તેનો સ્વીકાર આડકતરી રીતે તંત્ર પણ કરી રહ્યું છે.

મળતી વિગતો મુજબ જે ગામોમાં ૨૫ ટકાથી પણ ઓછી વસુલાત થઈ છે તેની અલગથી યાદી તૈયાર કરવામાં આવી રહી છે. આ ગામોમાં વસુલાતની કામગીરીના મોનીટરીંગની વિશેષ જવાબદારી જિલ્લાના અધિકારીઓને સોંપવામાં આવશે.

આ ઉપરાંત આવા ગામોમાં મોટા બાકીદારોના નામ નોટીસ બોર્ડ પર લખવાની બાબત પણ વિચારાધીન હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં વેરા વસુલીનો આ વર્ષે અગ્રતા આપવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નબળી કામગીરી કરનાર તલાટીઓને નોટીસ આપી ખુલાસા પણ પુછવામાં આવશે.

ADMISSION TO PARAMEDICAL COURSES

• B.Sc. (3 year + 1 Internship with Stipend)

| B.Sc in Medical Technology | Eligibility | Offered at |
|---|---|---|
| • B.Sc in Renal Dialysis Technology<br>• B.Sc in Imaging Technology<br>• B.Sc in Clinical Lab Technology<br>• B.Sc in Operation Theatre & Anaesthesia Technology | 12th Science Pass | B.N.Patel Institute Of Paramedical Contact : 02692-250432 Website : www.bnparamecial.org.in |

• M.Sc. (2 Year)

| M.Sc in Medical Technology | Eligibility | Offered at |
|---|---|---|
| M.Sc in Medical Lab Technology | B.Sc in Microbiology, Chemistry, Biochemistry, Biotechnology, Bioinformatics, Life Science, Genetics, Home Science, Medical Technology from recognized university can apply. | B.N.Patel Institute Of Paramedical Contact : 02692-250432 Website : www.bnparamecial.org.in |

B.N.Patel Institute of Paramedical
(Paramedical Division)
(Affiliated to Sardar Patel University Vallabh Vidyanagar)
C.P.Patel Commerce college Campus, N.S.Patel Arts College Circle, Anand-388001. M. 9574734450

# સંઘના સુપ્રીમો મોહન ભાગવત ગુજરાતની મુલાકાતે



**પાટીદાર આંદોલન ઠારવા કે મેક-ઈન-ઈન્ડિયા ચળવળને ગતિ આપવા ? રાજકીય વર્તુળોમાં તર્ક-વિતર્ક**

અમદાવાદ, તા.૧૦

રાષ્ટ્રીય સ્વંય સેવા સંઘના સર સંઘચાલક મોહન ભાગવત તા.૧૩થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન ગુજરાતની ત્રણ દિવસથી મુલાકાતે આવશે. સંઘના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ, તા.૧૩મીએ મોહન ભાગવત વડોદરા આવશે. જ્યારે ૧૪મીએ રાજકોટ અને તા.૧૫મીએ સુરતના ડો.બાબાસાહેબ આંબેડકર ટ્રસ્ટની ઈમારત ખાતે ધ્વજવંદન કરાવશે. જ્યાં મીડિયાના પ્રતિનિધિઓને હાજર રહેવાની છૂટ આપવામાં આવી છે. મોહન ભાગવત ત્રણેય શહેરોમાં જુદી-જુદી સંપર્ક બેઠકો યોજશે. જ્યારે ગુજરાતમાં દિનપ્રતિદિન વધુ ઉગ્ર બનતા પાટીદાર આંદોલનની આગ ઠારવા મોહન ભાગવતની કોઈ ચાવીરૂપ ભૂમિકા હશે કે કેમ તે અંગે સંઘના સૂત્રો મૌન સેવી રહ્યા છે. મોહન ભાગવત ઝેડ પ્લસ સીક્યુરિટી ધરાવતા હોવાથી રાજ્યનું પોલીસ તંત્ર પણ કામે લાગી ગયું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, મોહન ભાગવત કેન્દ્ર સરકારની મેઈક ઈન ઈન્ડિયા ઝુંબેશને વેગ આપવાની હેતુથી ગુજરાત આવી રહ્યા છે.

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ



week-end home
YOUR OWN Resort
નિરવતાનો રવ...
bansari Greens
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299